# આજે શહેરમાં પ્રસન્નતાનું પ્રકાશ પર્વ ઉજવાશે

## કોરોના કાળની નિરાશા બાદ દિવાળીના મહાપર્વને હર્ષોલ્લાસથી ઉજવવા શહેરીજનો આતુર બન્યાં : શહેરની મહત્વની ઈમારતો-સર્કલો સાથે શહેરનો એક એક ખૂણો દિપમાળા અને રોશનીથી ઝગમગી ઉઠશે : ફટાકડાં-આતશબાજીની ધૂમ મચશે

ગાંધીનગર, તા. ૩ ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા અને પવિત્ર પર્વ દિપાવલીની ગુરૂવારે શહેરમાં



હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. અંધકારથી ઉજાસ તરફ દોરી જતાં આ પ્રકાશ પર્વ પ્રસંગે શહેરીજનો પોતાના ઘર-મકાન-દુકાન, ઓફિસ કે અન્ય ઈમારતોને દિવડાં તેમજ રોશનીથી ઝગમગાવશે. શહેરીજનોએ દિવાળીના તહેવારોને ઉજવવા માટે ખૂબ જ ઉત્સાહપૂર્વક તૈયારીઓ કરી છે અને કોરોના કાળમાં લાંબા સમય તેમજ અનેક પ્રકારની મનોવેદના બાદ આ પ્રસન્નતાનું પર્વ આવ્યું છે, જેને શહેરીજનો હોંશની ફુલઝડીઓ તથા ખુશીઓના તારામંડળથી પારસ્પરિક પ્રેમ અને શ્રદ્ધાના ભાવથી ઉજવવા આતુર બન્યાં છે જો કે જેના ઘરમાં કોરોના મહામારીની બીજી લહેરમાં કુટુંબીજનો ગુમાવ્યાં છે તેમને આ દિવાળી આકરી લાગી શકે છે.

શહેરમાં દિવાળીના પર્વ નિમિત્તે શહેરીજનો દિપમાળા તથા એલઈડી સીરીઝની રોશની સાથે ફટાકડાં-આતશબાજીથી ધૂમ મચાવી રહ્યાં છે. ભગવાન શ્રી રામના વનવાસ અને લંકા વિજય બાદ ૧૪ વર્ષે અયોધ્યા પરત ફરવાની ખુશીમાં અયોધ્યાવાસીઓ દ્વારા ઉજવવામાં આવેલા હર્ષોલ્લાસનો તહેવાર સદીઓથી વિશ્વભરમાં અસત્ય પર સત્યના, અંધકાર પર ઉજાસના, અહંકાર પર વીરતાના અને અધર્મ પર ધર્મના વિજય તરીકે ઉજવાય છે જે માનવીના દુર્ગુણો પર સદગુણોના વિજયનું પ્રતિક પણ છે. આ વિજયના પ્રતિકરૂપે માટીના કોડિયામાં રૂ ની દિવેટ મુકી ઘી કે તેલનો દિવો પ્રગટાવાય છે જેને "દીપ" અને તેની હરોળ એટલે કે "આવલી" કહેવાય છે જે સાથે મળીને દિપાવલી તરીકે ઓળખાય છે. આસો વદ અમાસના દિવસે ઉજવાતો આ તહેવાર સૌના ઘર-પરિવાર તથા આપસમાં ઉત્સાહ ભરવા સાથે મન-



હૃદયમાં પણ પ્રસન્નતા પ્રસરાવે છે જે જીવનમાં નિરાશાને ખંખેરીને આગળ વધવાનો જોમ-જુસ્સો વધારે છે.

ગાંધીનગરમાં દિવાળીનું પર્વ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહ્યું છે. કોરોના મહામારીના કપરા કાળમાં સર્જાયેલી નિરાશા અને વેદનાને ભૂલીને શહેરીજનો આ પર્વને હર્ષોલ્લાસથી ઉજવવા આતુર બન્યાં છે. શહેરમાં ઠેર ઠેર આતશબાજી તથા દિપમાળા અને રોશનીનો ઝગમગાટ જોવા મળે છે. શહેરમાં મહત્વની ઈમારતો, મુખ્ય રસ્તાઓ પરના સર્કલો વગેરેને રોશનીથી સજાવવામાં આવ્યાં છે. શહેરીજનોએ પણ પોત પોતાના ઘરના ઉંબરે, ઓટલે, બાલ્કની કે ગેલેરીમાં તેમજ ધાબે દિપમાળા કરશે અને નાના બાળકોથી માંડીને મોટેરાંઓ તમામ ફટાકડાં ફોડી આતશબાજી કરશે. ઘરમાં શીરો-લાપશી કે કંસાર રાંધીને ખાશે, નવા વસ્ત્રો પહેરશે અને એકબીજાને દિવાળીની વધામણી આપશે.

**દિવાળી-નૂતન વર્ષે શારદા પૂજનના મુહૂર્ત**

દિવાળી એટલે શારદા પૂજનનો દિવસ. આ દિવસે શહેરના નાના-મોટાં તમામ વેપારીઓ, લારી-પાથરણાંથી માંડીને મોટા શૉ-રૂમ-દુકાનો, કારખાનાં, ગોડાઉન વગેરે ખાતે દિવાળીના દિવસે ચોપડાં પૂજન તેમજ મશીનરી-કાટલાં વગેરેના પૂજન યોજાશે. આ પૂજન બાદ લાભપાંચમ સુધી પોતાના વેપાર-ધંધામાં રજા રાખીને પરિવારજનો-મિત્રો-સ્નેહીજનો સાથે નૂતન વર્ષની ઉજવણીમાં જોડાશે. દિવાળીના ચોપડાપૂજન-સરસ્વતી પૂજન માટેના શુભ મુહૂર્ત સવારે ૬.૫૦ થી



૮.૧૦, સવારે ૧૧ થી બપોરે ૩.૧૦, સાંજે ૪.૪૦ થી રાત્રે ૯.૦૫, મધ્યરાત્રીએ ૦૦.૩૦ થી ૨ તેમજ મધ્યરાત્રી પછી ૩.૪૦ થી ૬.૩૦ ના છે. શુક્રવારે નૂતન વર્ષના દિવસે સવારે ૮.૧૫ થી ૯.૩૫ અને બપોરે ૧૨.૩૦ થી સાંજના ૪.૪૦ સુધી પણ સારૂ મુહૂર્ત છે.

---

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલ રજા પર જતાં તેમનો હવાલો ડી.કે. પારેખને સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પંચાયત શાખાના કર્મચારી શિરીષ રાઠોડનો આજે જન્મ દિવસ હોવાથી શાખાના કર્મચારીઓએ અત્યંત સાદગી અને સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે જન્મ દિવસની ઉજવણી કરી હતી.
- દિપાવલીના આ દિવસોમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી માટે નવી ગાડીની ડિલવરી મળશે તેમ જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લામાંથી ૩૧-૧૦-૨૧ ના રોજ ૫૪ શિક્ષકો વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૨૦૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- બારિયા મહારાજા અને રાજ્યના પૂર્વ મંત્રી સુશ્રી ઉર્વશીદેવીને છાતીમાં દુઃખાવો થતાં હોસ્પિટલમાં દાખલ કર્યા હતા અને તેમને ૪ સ્ટેન્ડ મુકવામાં આવ્યા છે. હાલ તેઓ સ્વસ્થ છે.
- કર્મયોગી ભવનમાં આવેલ કામધેનુ યુનિ.માં એડમિશન સંદર્ભે કેટલાક વિદ્યાર્થીઓ સામુહિક રીતે રજુઆત કરવા પહોંચ્યા હતા.
- ગાંધીનગર મનપા દ્વારા ૧૨મીએ ખોરજ ખાતે સેવાસેતુ યોજવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.
- આજે સચિવાલયમાં બપોર પછી રજાનો માહોલ એવો જામ્યો હતો કે ઘણા બધા કર્મચારીઓ બપોર પછી ઓફિસમાં દેખાયા જ ન હતા.
- રાજ્યના નાણાં વિભાગે નાયબ નિયામક હિસાબી અધિકારી સંવર્ગના ૨૭ અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે ૧૫ જેટલા સેક્શન અધિકારીઓની બદલીના હુકમો તેમજ ૫૪ જેટલા નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન અધિકારી તરીકે બઢતી આપતા હુકમો જારી કર્યા છે.

---

# પ્રકાશ પર્વને પોંખવા નગરજનો આખો દિવસ ઘર સજાવટની ચીજવસ્તુઓ ખરીદવામાં વ્યસ્ત રહ્યા

### સંબંધોની સાથે ઘરની સજાવટ કરતા દિવાળી પર્વને વેલકમ કરવા માટે નગરજનો છેલ્લી ઘડી સુધી ખરીદી કરી : ઘર સુશોભનને અનુલક્ષી તોરણ, સ્ટીકર , રંગ, દિવડાઓ અને રોશનની ખરીદી માટે બજારમાં ભીડ જામી

ગાંધીનગર તા ૩ શહેરના શોપિંગ બજારમાં દિવાળીની પુર્વ સંધ્યાએ ઘર સજાવટની ચીજવસ્તુઓ ખરીદવા માટે વિશેષ ભીડ જોવા મળી હતી. દિવાળીના તહેવારમાં સોના ચાંદી અને વાહનો સહીત કીંમતી ચીજવસ્તુઓની પણ ખરીદી થાય છે. જયારે નવા વર્ષને વેલકમ કરવા માટે ઘરને નિખારતી સુશોભનની ચીજવસ્તુઓની ખરીદી માટે આજે ભીડ જોવા મળી હતી. ઘર સજાવટના ઉપયોગમાં લેવાતા તોરણ, રંગો, ફુલો , દિવડા અને રોશની તેમજ વિવિધ સ્ટીકરની ખરીદીમાં પણ નગરજનો વ્યસ્ત જોવા મળ્યા હતા.

ગાંધીનગરમાં આ વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન બજારમાં ભારે ભીડ જોવા મળે છે. કોરોના કાળમાં લાંબા સમય બાદ નગરના શોપિંગ બજારમાં રોનક નિખરી છે. તેજીના લીધે વેપારીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. શહેરના શોપિંગ બજારમાં છેલ્લા એક સપ્તાહથી ભીડ છલકાઈ રહી છે. ગત રવિવારે અત્યાર સુધીની



ઐતિહાસિક ભીડના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. જયારે આજે દિવાળી પુર્વેના દિવસે પણ નગરના શોપિંગ સેન્ટરો પર નાની મોટી ચીજવસ્તુઓની ખરીદી માટે સતત ઘસારો જોવા મળ્યો હતો. શહેરના સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરમાં ખરીદીનો દૌર સતત ચાલુ રહ્યો હતો. આજે દિવાળી પુર્વેના દિવસે પુજાપા , રંગોળી સ્ટીકર સહીત ઘર સુશોબનની ચીજવસ્તુઓની ખરીદી વિશેષ પ્રમાણમાં થઈ હતી. દિવાળીના દિવસે નગરજનો નવા વર્ષને વેલકમ કરવા માટે ઘરમાં વિશિષ્ટ પ્રકારનુ સુશોભન કરે છે. રોશનીની ઝાકમઝોળ વચ્ચે રંગોળી અને દિવડાઓની હારમાળાથી શોભતા સેકટરોના પ્રત્યેક ઘરોમાં તોરણ અને સ્ટીકર પણ શોભા વધારે છે. દિવાળીના પર્વમાં સોના ચાંદીના દાગીના, વાહન અને કપડા સહીતની મોંઘી ચીજવસ્તુઓની વિશેષ ખરીદી થાય છે. ત્યારે બીજીતરફ પર્વને જીવંત બનાવતા રંગો, તોરણ, લાભ, શુભ અને ગણેશજીના સ્ટીકર, દિવડાઓ અને રોશનીની ખરીદીનુ પણ બજાર ગરમ હોય છે. શહેરીજનો નવા વર્ષના વધામણા કરવા માટે ઘરોમાં વિશેષ સજાવટ કરે છે. જેમાં ફુલોની સજાવટ પણ જોવા મળે છે. જેના લીધે ફુલ બજાર તેમજ ફુલદાની અને રોપા કુંડાઓની પણ વિશેષ ખરીદી થતી આજે જોવા મળી હતી. દિવાળી પર્વમાં ઘરોની જેમ સંબંધોની પણ સજાવટ થાય છે. સંબંધ અને ઘરને સજાવતા આ પર્વની ઉજવણી નિમિત્તે આજે નગરજનો છેલ્લા ઘડી સુધી ખરીદીમાં વ્યસ્ત અને મસ્ત જોવા મળ્યા હતા.

---


## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




નવા વર્ષ ધનની બચત કરવા માટે તારે રાહુ કેતુનાં પાઠની જરૂર નથી... ગમે તે રીતે સગવડ કરી પેટ્રોલ કારની જગ્યાએ ઈલેક્ટ્રીક કાર વસાવી લે...



## જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફ દ્વારા રંગોળી તૈયાર કરાઈ




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૫ માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહ્વાન કરેલ છે. ત્યારે રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ માં ટીબીના રોગને નાબુદ કરવાનું નક્કી કર્યું છે. જેને પગલે આજરોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સમાજમાં ટીબી નાબુદી અભિયાન અંતર્ગત ટીબીના રોગને નાબુદ કરવા માટેનો મેસેજ જાય તે હેતુ થી દિવાળીના પર્વની ઉજવણીના ભાગરૂપે ટીબીના મેસેજ સાથેની રંગોળી કરવામાં આવી હતી. આ રંગોળી તૈયાર કરવામાં જિલ્લા ક્ષય અધિકારી ડો. દિપક પટેલની સાથે તમામ જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે ભાગ લીધો હતો.

---

# તપોવન સર્કલ પારે કારની ટક્કરે ફુડ ડિલીવરી બોયનું મૃત્યુ

ગાંધીનગર,તા.૩ તપોવન સર્કલ થી ત્રાગડ ટોલટેકસ તરફ જતા માર્ગ પર શિવશકિત ઢાબા પાસે અજાણ્યા વાહને બાઈકને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ભાટ ગામે રહેતા બાઈક ચાલક યુવકને શરીરે તેમજ પેટના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ તેનું મૃત્યું થયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ માણસા તાલુકાના પારસાપરા ગામના રહેવાસી અને હાલ ભાટ ગામે રહેતા બિપિનભાઈ પારસપર ભાટ ગામે વાણીયાવાસ ખાતે પરિવાર સાથે રહે છે. તેઓ ગાંધીનગર કુડાસણ ઈગલ ઓવરસીસ વિઝા કન્સલટીંગની ઓફિસમાં કામ કરે છે. માતા-પિતાના ત્રણ સંતાનમાં સૌથી મોટા બિપિનભાઈ, આરતી બેન અને ત્રીજા નંબરે હાર્દિક હતો. હાર્દિક ઝોમેટો કંપનીમાં ફુડ ડિલિવરી બોય તરીકે પેટામાં કામ કરતો હતો. તે સવારના ૧૧ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી કામ પર જતો હતો. ગત તા. ૨ ના રોજ રાત્રીના સમયે બિપિનભાઈ ઘરે હાજર હતા. તે સમયે હાર્દિક સ્વેટર લેવા માટે આવ્યો હતો. તેનું બાઈક હીરો પ્રેશન પ્રો નવુ ખરીદ્યું હતું. તેનો નંબર પણ હજુ આવ્યો ન હતો. તે બાઈક લઈને હાર્દિક કામ પર ગયો હતો. ત્યારે અગીયાર વાગ્યાના અરસામાં તેમના ભાઈના મોબાઈલ પરથી તેમના માતાના મોબાઈલ નંબર પર ફોન આવ્યો હતો. જે ૧૦૮ ના કર્મચારીએ કર્યો હતો, તેઓએ જણાવ્યું હતું આ મોબાઈલવાળા ભાઈને અકસ્માત થયો છે. તપોવન થી ત્રાગડ ટોલનાકા તરફ જતા માર્ગ પર શિવશકિત ઢાબા પાસે કોઈ અજાણી કારના ચાલકે ટક્કર મારી અકસ્માત કરતા બાઈક ચાલક યુવકને શરીરે તેમજ પેટના ભાગે ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ મૃત્યું થયુ હતું. બનાવની જાણ થતા બિપિનભાઈ તેમજ નજીકમાં રહેતા પરિચિત રીક્ષા કરીને અકસ્માત સ્થળ પર આવ્યા હતા.ત્યારે જોયુ તો હાર્દિક માર્ગ પર પડ્યો હતો. તેના બાઈકને ભારે નુકશાન થયુ હતું. જયારે અજાણી કાર ચાલક ટકકર મારી નાસી ગયો હતો. બનાવ અંગે જાણ થતા પોલીસ પણ સ્થળ પહોંચીને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

# ગાંધીનગરની જેમ માણસા ખાતેથી પણ અસ્થિ વિસર્જન સેવા..!!

ગાંધીનગરની જેમ માણસા ખાતે પણ "આનંદી માનો વડલો" વાનપ્રસ્થાન ખાતેથી અસ્થિ વિસર્જન સેવા યોજાવા પામી છે. કોરોના કાળમાં દિવંગત થયેલા મૃતાત્માઓના અસ્થિનું વિધિવત રીતે પૂજન કરીને શ્રધ્ધાંજલી સભા બાદ આજે શ્રી વિઘ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટના માનદ્ મંત્રી દિનેશભાઈ વ્યાસ અસ્થિકુંભ લઈને હરિદ્વારના હરકી પૈડી ઘાટ ખાતે વિસર્જિત કરવા રવાના થયાં છે.

ગાંધીનગરમાં મુક્તિધામ સ્મશાન ખાતેથી અવિરતપણે અસ્થિ વિસર્જન સેવા ચલાવાય છે. જેમાં શહેર વસાહત મહામંડળ દ્વારા સ્વયંસેવકોની ટીમ મોકલીને દિવંગતોના અસ્થિને હરિદ્વાર ખાતે ગંગાજીમાં વિસર્જિત કરવામાં આવે છે. માણસા ખાતેના "આનંદી માનો વડલો" વાનપ્રસ્થાશ્રમ ખાતે પણ વિવિધ સેવાકીય-ધાર્મિક પ્રવૃત્તિઓ ચલાવાય છે જેમાં તાજેતરમાં કોરોના કાળમાં દિવંગત થયેલા મૃતાત્માઓના અસ્થિ અસ્થિકુંભમાં એકત્ર કરાયાં હતા. આ અસ્થિકુંભનું પંડિતો દ્વારા વિધિવત રીતે પૂજન કરાવાયુ હતુ અને સંસ્થાના સંચાલક તથા માનદ્ મંત્રી દિનેશભાઈ વ્યાસે મૃતાત્માઓના આત્માની સદ્ગતિ માટે શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજી મૃતકોના સ્વજનોને અસ્થિના અંતિમ દર્શન પણ કરાવ્યા હતા. આ પછી અસ્થિકુંભને લઈને દિનેશભાઈ વ્યાસ તેમના ધર્મપત્નિ અસ્મિતાબેન સાથે ગઈકાલે ગાંધીનગર રેલવે સ્ટેશનેથી હરિદ્વાર ખાતે જવા રવાના થયાં હતા.

---

# પાટનગરના યંગસ્ટર્સ ગ્રુપ દ્વારા બાળકોને મીઠાઈ-ફટાકડા વિતરણ

ગાંધીનગર, તા.૩ એકટ ઓફ કાઈન્ડનેસ (અમદાવાદ) સંસ્થા વતી નિરજ મહેશ ગણાત્રા અને સંસ્થાના અનેક યંગસ્ટર્સ મેમ્બર તેમજ પાટનગરના જાણીતા યુવા કલાકાર જનક ઠક્કર દ્વારા સેકટર-૧૯ સ્પેશીયલ ચિલ્ડ્રન કેર હોમ ખાતે ગત તા.૩૧ ઓકટોબરના રોજ બાળકો સાથે દિવાળી નિમિતે ફટાકડા અને મીઠાઈઓનું વિતરણ કરીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

---


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

'ગુજરાત સરકારનું સાહસ'

**જાહેર નિવિદા નંબર-૧૫ સને. ૨૦૨૧-૨૨**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર. મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૯૪૩ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧ | જલ જીવન મિશન અંતર્ગત એસ.કે.-૨ સુંદરપુરા ગૃપ હેઠળ ના પરાં કનેક્ટીવીટી અંતર્ગત પીવીસી પાઈપલાઈન, ભૂગર્ભ સંપ, પંપીંગ મશીનરી તથા આનુસાંગિક કામ. | ૫૭.૬૬ | 'ડી' ક્લાસ અને ઉપરના | ૪૯૦૩૩૭ | ૧૭/૧૧/૨૧ |
| ૨. | જલ જીવન મિશન અંતર્ગત એસ.કે.-૩ સાતરડા ગૃપ હેઠળ ના પરા કનેક્ટીવીટી અંતર્ગત પીવીસી પાઈપ લાઈન, ભુગર્ભ સંપ, પંપીંગ મશીનરી તથા આનુસાંગિક કામ. | ૧૭૦.૯૯ | 'બી' ક્લાસ અને ઉપરના | ૪૯૦૩૩૯ | ૧૭/૧૧/૨૧ |
| ૩. | જલ જીવન મિશન અંતર્ગત એસ.કે.-૩ મેઘરજ ગૃહ હેઠળ ના પરાં કનેક્ટીવીટી અંતર્ગત પીવીસી પાઈપ લાઈન, ભુગર્ભ સંપ, પંપીંગ મશીનરી તથા આનુસાંગિક કામ. | ૨૧૧.૭૬ | 'બી' ક્લાસ | ૪૯૦૩૩૬ | ૩/૧૨/૨૧ |
| ૪. | બા.મા.જુથ પા.પુ. યોજના (એસ.કે.-૨ ભાગ-૧) બારનોલી ગૃપ અંતર્ગત, ડી.આઈ., પીવીસ પાઈપ લાઈનના કામ. | ૯૬૧.૮૩ | "એએ" ક્લાસ અને ઉપરના | ૪૯૦૩૩૮ | ૩/૧૨/૨૧ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબુ.ક્ષુજજહ્વ.હંઙ્ઘૈ.ૈદ્ગ તથા.ક્ષુજજહ્વ.ષ્ઠદ્બટ્ઠિં.ષ્ઠદ્બ.હ ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૪૧૦/૨૦૨૧



**ઇ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

વર્ષ - ૨૦૨૧-૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર - ૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઇ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી |
|---|---|---|---|
| ૪૨/૨૦૨૧-૨૨ | Construction of Water Distribution Station with Electrical & Mechanical Work including O & M for 2 years in FP-316 of TP-69 of GMC Area | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૬,૯૮,૯૫૬/- |
| ૪૦/૨૦૨૧-૨૨ | Construction of Water Distribution Station with Electrical & Mechanical Work including O & M for 2 years in FP-133 of TP-303 of GMC Area | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૯,૬૪,૬૦૯/- |
| ૩૭/૨૦૨૧-૨૨ | Providing & Laying Water Supply Distribution Network in TP Scheme No. 63 & 303 of GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૩,૬૭,૩૬૩/- |
| ૩૯/૨૦૨૧-૨૨ | Providing & Laying Water Supply Distribution Network in Zundal Gamtal & Part of TP Scheme No. 410, 234, 74, 69 & 72 of GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૦,૩૯,૦૯૬/- |
| ૩૮/૨૦૨૧-૨૨ | Providing & Laying Water Supply Distribution Network in TP Scheme No. 47(Part), 48 (Part), 79 (Part), 80 & 239 (Part) of GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૨૨,૩૨,૫૧૦/- |
| ૪૧/૨૦૨૧-૨૨ | Construction of Water Distribution Station with Electrical & Mechanical Work including O & M for 2 years in FP-115 of TP-80 of GMC area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૩,૬૨,૮૩૪/- |

ટેન્ડર ફોર્મ તા. ૦૯/૧૧/૨૦૨૧ થી તા.૨૯/૧૧/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઇન વેબ સાઇટ-www.nprocure.comપરથી ડાઉનલોડ કરી ઓનલાઇન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઇન ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેક્નિકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઇ.એમ.ડીના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નામે તા.૩૦/૧૧/૨૦૨૧ થી ૦૭/૧૨/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓન લાઇન ઓપનીંગ તા.૦૮/૧૨/૨૦૨૧ કરવામાં આવશે.

સહિ/-
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર

માહિતી/૧૪૫૪/૨૧-૨૨